# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજકેટ-૨૦૨૬

ગુજરાત સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૧૯/૧૧/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક – પરચ-૧૦૨૦૧૨-૧૪૨-સ મુજબ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ડીગ્રી એન્જિનિયરીંગ, ડીગ્રી/ડિપ્લોમા ફાર્મસી અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માગતા A, B અને AB ગ્રૂપના HSC વિજ્ઞાનપ્રવાહના ઉમેદવારો માટે ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૬ની પરીક્ષા તા.૨૯/03/૨૦૨૬, રવિવારના રોજ યોજાનાર છે. ગુજરાત કોમન એન્ટરન્સ ટેસ્ટ (ગુજકેટ)-૨૦૨૬ માટેની માહિતી પુસ્તિકા અને **ONLINE** આવેદનપત્ર ભરવાની સૂચનાઓ બોર્ડની વેબસાઈટ **gujcet.gseb.org** પર મૂકવામાં આવેલ છે.

ગુજકેટ-૨૦૨૬ની પરીક્ષાનું આવેદનપત્ર બોર્ડની વેબસાઈટ **www.gseb.org** તથા **gujcet.gseb.org** પરથી **ONLINE** ભરવાની અંતિમ તા.૦૬/૦૧/૨૦૨૬ સુધી લંબાવવામાં આવેલ હતી. **જે હવે પછીથી રૂા.૧૦૦૦/- લેઇટ ફી સાથે તા.૧૬/૦૧/૨૦૨૬ સુધી લંબાવવામાં આવે છે.** જેની શાળાના આચાર્યશ્રીઓ/વાલીઓ/વિધાર્થીઓ તથા સંબંધિત તમામે નોંધ લેવી.

ગુજકેટની પરીક્ષા ફી રૂા.૩૫૦/- + ૧૦૦૦ રૂા. લેઇટ ફી મળી કુલ-૧૩૫૦/- રૂા. **SBI Epay System** મારફતે **ONLINE (Credit Card, Debit Card, Net Banking)** દ્વારા અથવા **SBIEpay** ના **"SBI Branch Payment"** ઓપ્શન દ્વારા દેશની કોઈપણ **SBI Branch**માં ભરી શકાશે.

(આર.આર.વ્યાસ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

**તારીખ** - ૦૬/૦૧/૨૦૨૬
**સ્થળ** - ગાંધીનગર